© 2017 IJSRST | Volume 3 | Issue 1 | Print ISSN: 2395-6011 | Online ISSN: 2395-602X
Themed Section: Science and Technology

# પુરાણોમાં ગણેશ

પ્રા.જી.જે.દેસાઈ
આસીસ્ટંટ પ્રોફેસર
ડીસીએમ આર્ટ્સ & કોમર્સ કૉલેજ, વીરમગામ

કોઈપણ કાર્યનો આરંભ કરતા પહેલા શ્રી ગણેશ–ગણપતિ–ગજાનન–લંબોદર–વિઘ્નહરનું પૂજન અર્ચન થાય છે જ. પછી જ કાર્યની શરૂઆત થાય છે. ઘરમાં પ્રવેશ કરતા પહેલાં શ્રી ગણેશાય નમઃ લખાય છે જ. આ શ્રી ગણેશાય નમઃ એ સુખ, સંપત્તિ, કાર્યનો અaદિ મંત્ર છે. એનું રટણ મનને શાંત આપનારું અને હિંમત પ્રેરનારું છે.

આપણે પ્રાર્થના કરીએ છીએ :

वक्रतुण्ड् महाकायल सूर्यकोटि समप्रभ्
निर्विघ्नं कुरु मे देव: सर्वकार्येषु सर्वदा

આમ वक्रतुण्ड् महाकाय એવા ગણપતિની આપણી પ્રાર્થના શુભારંભ પહેલા હોય છે જ.

શ્રી ગણેશાયના સ્વરૂપનો ગૂઢાર્થ પહેલા સમજીએ.

શ્રી ગણપતિના ચાર અવતારો જુદા–જુદા યુગમાં થયા છે. તે અવતારોનું વર્ણન ગણેશ પુરાણમાં દર્શાવ્યા મુજબ નીચે પ્રમાણે થાય છે.

૧.સતયુગમાં કશ્યપપુત્ર તરીકે તેમણે અવતાર લીધો અને ‘વિનાયક મહોત્કટ’ નામ પડયું તેમનું વાહન સિંહનું હતું.
૨.ત્રેતાયુગમાં શિવપુત્ર ગણેશ તરીકે જન્મ લીધો– નામ રાખ્યું મયુરેશ્વર – મયુરેશ નામથી પણ તેઓ ઓળખાયા.
૩.દ્વાપરયુગમાં તેમનું નામ ગજાનન રહયું. ચારહાથ અને મૂષકનું વાહન

કલિયુગમાં તેમનું વાહન ઘોડાનું રહેશે અને નામ રહેશે ધૂમકેતુ. આ અવતાર થયો નથી. કલિયુગના અંતભાગમાં એ થશે એમ કહેવાઈ રહયું છે.

શ્રી ગણેશનું એક નામ “વિનાયક ” છે.વિનાયકનો અર્થ છે ‘ જે નેતૃત્વ કરે છે ’ અને ખાસ વિનાયક પણ કહી શકાય.

વિનાયકનું લક્ષણ છે વિઘ્ન હરવાનું. પણ સુખ, સમૃધ્ધિ, યશ, તપ, પૂજા, આદિમાં વિઘ્ન નાંખનારાને દૂર કરનારને વિનાયક કહે છે. આથી તેને વિઘ્નેરવર પણ કહયા છે. વિઘ્ન દૂર કરવા સૌ પ્રથમ વિનાયકની પૂજા થાય છે. જેથી વિઘ્ન આવેજ નહિ અને કાર્ય શાંતિ અને આનંદથી કરી શકાય.

ગણપતિનું મુખ ગજનું છે અને તેથી તેઓ ગજાનન તરીકે ઓળખાય છે.એમના મુખમાં એક દાંત છે અને ચાર હાથ છે. એમાં અનુક્રમે તેઓ પાશ,અંકુશ,દાંત અને વર ધારણ કરે છે.તેઓના ધ્વજ ‘મૂષકધ્વજ’ નામથી ઓળખાય છે.એટલે કે તેમની ધજા ઉપર ઉંદરનું ચિહન છે.તેમનું વાહન પણ મૂષક છે.રંગમાં તેઓ લાલ છે.લંબોધર–મોટાપેટવાળા છે. શૂર્પકર્ણ અટલે સૂપડા જેવા કાનવાળા છે. તેમણે લાલ વસ્ત્રો પહેરેલા છે. દેહ પર લાલ પુષ્પ અલંકૃત છે. તેમના આ રૂપની થોડીક વ્યાખ્યા જરૂરી બને છે.

**ગજ :–**

ગજનો અર્થ આમતો હાથી છે.પરંતુ તેનો અર્થ બીજા રૂપમાં છે.ગજ સાક્ષાત બ્રહ્મ ને કહે છે.સમાધિ દ્વારા યોગીજન જ્યાં પહોચે તે ‘ગ કહેવાય,તથા જેનાથી આ જગત ઉત્પન્ન થયું છે તે થપો જ આમ આ બ્રહ્મ ‘ગજ’ કહેવાય.ગણપતિ અથર્વશીર્ષમાકહયું છે આપ ‘બ્રહ્મા’ નું રૂપ ધારણ કરીને જગતના રચના કરો છો.વિષ્ણું રૂપ બનીને સંહાર,ઈન્દ્ર બનીને ભોકતા, અગ્નિ બનીને યજ્ઞોના ભોકતા અને વાયુ બનીને પ્રાણ થાઓ છો,સૂર્ય બનીને સવ કર્મના પ્રવર્તક,ચંદ્ર બનીને ઔષધિના જીવનદાતાબનો છો. આપ ભૂલોક છો – આપ જ ભુવર્લોક – આપ જ સ્વર્ગલોક છો.

IJSRST162562 | Received : 05 Feb 2017 | Accepted : 20 Feb 2017 | January-February-2017 [(3)1 : 808-813 ]

**वक्रतुण्ड् :-**

मुद्गल–પુરાણમાં કહયું છે, ગણપતિ કઠની નીચે માયા સહિત બ્રહ્મ છે અને કંઠની ઉપર ફક્ત બ્રહ્મ છે. આ બ્રહ્મન वक्र કહે છે. ગણપતિનું મુખ वक्र (માત્ર બ્રહ્મ) છ. તેથી તેઓ वक्रतुण्ड् કહેવાય છે.

**एकदन्त :-**

ગણેશજીને પહેલા બે દાંત હતા. એક દાંત તૂટી ગયો એટલે તેઓ एकदन्त કહેવાયા. અને લગતી બીજી માન્યતાઓ નીચે મુજબની છે.

૧. શંકરજીએ ક્રોધમાં આવી એક દાંત તોડી નાંખ્યો.
૨. પરશુરામે ફરસીથી એક દાંત તોડી નાંખ્યો.
૩. ગણપતિએ પોતાના ઉપર ક્રોધે ભરાઈ એક દાંત તોડી નાંખ્યો અને પોતાની મસ્કરી કરનારા ચંદ્ર ઉપર તે ફેંકી તે માર્યો.
૪.ગજ મુખ નામના અસુરે ગણેશ સાથે યુધ્ધ કરી ગણેશનો એક દાંત મરડયો.એટલે એ મરડેલો દાંત લઈને ગણેશે ગજમુખાસુર પર પ્રહાર કર્યો.અક

શબ્દ માયાનો બોધક અને દંત શબ્દ સતાધારક માયાચાલક બ્રહ્માનો ઘોતક છે. આ માયા એવી છે કે જેનાથી આ બધા ભ્રમને મોહમાં જગત ડૂબ્યું છે તે 'એક' કહેવાય છે. એ માયાના સ્વામીને 'દંત' કહેવાય છે.આમ एकदन्त વિશે વિવિધ માન્યતાઓ છે.

**ચાર હસ્ત :–**

ગણપતિને ચાર હાથ છે. આ હાથ દેવલોક,પૃથ્વીલોક અને અત્તલ વગેરે અધોલોકનું નિયંત્રણ કરે છે.ચારેહાથ સદા ક્રિયાશીલ જ રહે છે.એમનાચાર હાથ ખાલી નથી.મોહમય પાસ ભક્તોના મોહને દૂર કરે છે. અંકુશ જગતનું નિયંત્રણ કરે છે અને વર બધી ઈચ્છાઓને પૂર્ણ કરે છે.

**लम्बोदर:-**

ગણેશજીને લંબોદર કહેવાય છે. નિઃસંદેહ છે કે સમસ્ત વિશ્વ તેમના ઉદરથી ઉત્પન્ન થયું છે એટલે તેમને લંબોદર કહેવાય.ગણપતિનું પેટ મોટું છે કારણ કે એમાં બ્રહ્માંડ રહેલું છે.અનંત લોકોના અપરાધ એમાં સમાવી દેવમાં આવે છે.જેમનુંઉદર વિશાળ હોય એ ક્ષમાશીલ અને ઉદાર હોય છ.

**शूर्पकर्ण:-**

સૂપડા જેવા કાનવાળા ગણપતિ કૃષિદેવતા છે. કીડા જીવજંતુઓને મારીને તેઓ પાકનું રક્ષણ કરે છે. તાત્પર્ય એ છે કે – ધૂળ,જંતુ વગેરેથીભરેલું અનાજ સૂપડાથી સાફ થાય છે.તે જ મુજબ ગણેશની ઉપાસના કર્યા વગર કરેલું કર્મ પુરું થયેલું કહેવાતું નથી.ગણેશના સ્મરણ માત્રથી હૃદયમાંનામલિન વિકારો, પાપો ધૂળવાળા અનાજને જેમ સૂપડું સ્વચ્છ કરી દે છે તે મુજબ સ્વચ્છ બનાવી દે છે. આ છે 'શૂર્પકર્ણ' નું રહસ્ય. શૂર્પકર્ણ અંગે સરળભાષામાં કહીએ તો –

૧.શ્રી ગણેશ મોટા કાનવાળા છેએટલે તેઓ બધી જ વાતો સાંભળી શકે છે.દરેકની ફરીયાદ તેમનાં અંતરમાં સમાઈ જાય છે
૨. તેઓ કાચા કાનના નથી. દરેકની વાત સાંભળી નિર્ણય લેવો હોય તે લઈ શકે છે.
૩.કાન પહોળા કરી સાંભળવાની તેમને જરૂર નથી. ભકતની ફરીયાદ આપોઆપ જ આવી જાય છે.

**મૂષક :–**

ગણપતિનું વાહન ઉંદર છે. ઉંદર ખેતરોના ખેતર સાફ કરી શકે છે.ભીતો કોતરી કાઢે છે. લાકડું સાફ કરી નાંખે છે. કાગળ પત્રોનો પણ તે કાળ છે અને સાધારાણ અર્થમાં આપણે 'કાળ' જ કહીએ છીએ. કાળ સૃષ્ટિના પદાર્થનો નાશ કરે છે. આવા કાળને અંકુશમાં લાવી, તેને જીતી લઈને તેનું વાહન બનાવનારા ગણપતિ કેટલા સમર્થ પુરુષ છે તેનાથી પ્રતીત થાય છે.

**નેત્ર :–**

શ્રી ગણેશજીના નેત્ર સૂક્ષ્મ છે કારણ –
૧.તેઓ પોતાના બારોક નેત્રથી દૂરસધી સારુ જોઈ શકે છે.
૨.બની શકે એટલું તેઓ ઓછું જ જોવા પ્રયત્ન કરે છે. છતાં તેમની સૂક્ષ્મ દ્રષ્ટિ સર્વત્ર ફરી વળે છે જ.
૩.ડોળા કાઢી તેઓ કોઈ પર ક્રોધે ભરાતા નથી.

**ચતુર્થી :–**

ગણપતિની પૂજા ચતુર્થીને દિને થાય છે આ એમની પ્રિય તિથિ છે. ચતુર્થ એટલે જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણેય અવસ્થાથી ઉન્નત થઈ ચોથીઅવસ્થા, જે તુર્યાવસ્થા છે તે. તેને પ્રાપ્ત કરવાથી જ માનવી પૂર્ણ અવસ્થાએ પહોંચી પોતાના જીવનું પરમ સાધ્ય મેળવી શકે છે.ગણેશ–ચતુર્થીને દિવસેચ

દ્રદર્શનની મના છે. તેનું રહસ્ય એ છે કે ચંદ્ર જ મનની સંતતિ છે. ચંદ્ર ચંચળ છે. મન પણ ચંચળ છે. તુર્યાવસ્થા પ્રાપ્ત કરવી હોય તો મનને વશ રાખવું જરૂર છે. ચંદ્ર દર્શન ન કરવું એટલે જ મન ઉપર કાબૂ પ્રાપ્ત કરી વિજય મેળવવો, એનું રહસ્ય મનને સંયમિત કરવાનું છે.

**मोदक :-**

ગણપતિને લાડુ પ્રિય છે. આ લાડુ કોપરું, ગોળ અને ઘઉંના લોટના બને છે. ગણપતિ કૃષિના દેવતા છ, એટલે એમનું આ પ્રિય ભોજન પણ એનાથી ઉત્પન્ન ઉત્તમ પદાર્થોથી જ બનેલું છે. ભકતો આ ભોજન આરોગી આનંદ અનુભવે છે. મોદકનો અર્થ મોદ (આનંદ) કરાવનાર એટલે આનંદ આપનારા.

'ગણેશ' નામનો અર્થ

ગણેશના નામનો અર્થ સમનાવવામાં પણ વિદ્વાનોએ સારુ બુધ્ધિચાતુર્ય બતાવ્યું છે. દાખલા તરીકે આ શ્લોક જુઓ :–

ज्ञानार्थवाचको ग श्च ण श्च निर्वाणवाचक:।
तयोरीश परं ब्रह्मल गणेशं प्रणमाम्यहम् ॥

'ગ' જ્ઞાનાર્થવાચકને 'ણ' નિર્વાણવાચક છે. આ પ્રકારે જ્ઞાનનિર્વાણવાચક ગણ–ઈશ પરબ્રહ્મ છે. હું એમને પ્રણામ કરું છું. હવે જુદા–જુદા પુરાણ ગ્રથોમાં ગણેશ વિશે ઉલ્લેખ પ્રાપ્ત થાય છે તે જોવાનો પ્રયત્ન કરીએ.

**પુરાણ :–**

પદ્મપુરાણમાં ગણેશ ઉત્પત્તિની કથા આ પ્રમાણે છે.હિમાલય પુત્રી પાર્વતી સાથે હિમગીરીના સુરમ્ય વનમાં ભગવાન શિવ અનંત વિહાર કરતા હતા. અનંત આહલાદિની અંબિકા પાર્વતીજી પણ શિવમાં અનુપમ અનુરાગ ધરાવતાં હતાં.એક સમયે લીલા કરતાં કરતાં પાર્વતીજીએ સ્નાન સમયે પોતાના સુંદર અંગો પર સુગંધિત તેલ અને સુગંધિત ચૂર્ણ ઉબટન તરીકે લગાવ્યુંહતું. એમ કરવાથી એમના અંગમાંથી જે મેળ નીકળ્યો એને હાસ્ય અને વિનોદ કરતાં કરતાં એમણે એક પુરુષ આકૃતિનું સ્વરૂપ આપ્યું. એ આકૃતિનો દેહ પુરુષ હતો છતાં એનું મુખ હાથીના જેવું સૂંઢવાળું હતું.જલક્રિડા કરતા કરતાં પાર્વતીજીએ એ મેલમાંથી નિર્મેલી પુરુષ આકૃતિને ગંગાજીના પવિત્ર જળમાં નાંખી હતી.ગંગાજીના જળનો સ્પર્શ થતાં જ એ પુરુષ આકૃતિ એવિશાળ કાયા ધારણ કરી અને મંગલમય ગજાનન તરીકે પ્રગટ થયા.પાર્વતીજીએ એમને પુત્ર તરીકે સંબોધી પોતાના શરીર સાથે ચાંપ્યા. પુણ્ય સલિલા ગંગાજીએ પણ 'પુત્ર' એવું વહાલસોયું ઉચ્ચારણ કર્યુ. સ્વર્ગના સર્વ દેવોએ ''ગાંગેય'' કહીએમનું સન્માન કરી અભિવાદન કર્યુ. દેવો દ્વારા તેમની પૂજાથયા બાદ બ્રહ્માએ એમને ગણોનું આધિપત્ય આપ્યું.

**ગણેશપુરાણ**

ગણેશપુરાણમાં ગણપતિની ઉત્પતિનું વર્ણન આ પ્રમાણે મળે છે.પૂર્વે મહામુનિ કશ્યપ નામના બ્રહ્માના માનસ પુત્ર હતા.તેઓ અત્યંત મેધાવી,પુણ્યાતમા, ધર્માશીલ, તપસ્વી, સંયમી, ત્રિકાલજ્ઞાની અને જિનેન્દ્રીય હતા.એમને અનેક પત્નીઓ હતી.એમાં અદિતી સર્વશ્રેષ્ઠ હતી. અદિતી પરમ પતિવ્રતા અને સર્વે શુભ લક્ષણોથી સંપન્ન હતી.

એક સમયે થરી કર્મ પૂર્ણ કર્યા બાદ કશ્યપ મુનિ પાસે પરબ્રહ્મ કેવી રીને પોનાને ત્યાં અવતરી કૃતકૃત્ય કરે એવો ઉપાય પૂછે છે. કશ્યપે પોતાનોપત્નીને ભગવાન પરબ્રહ્મ વિનાયકનાં ધ્યાન, મંત્ર, ન્યાસ અને પુરશ્ચરણની વિધિ વિસ્તારપૂવક સમજાવી વિનાયકની ઉપાસના માટે પ્રાત્સાહિત કરી. તપશ્ચયકરવા વનમાં પ્રસ્થાન કર્યુ. તેમના તપનો પ્રભાવ ચારે બાજુ ફેલાવા માંડયો. એ પરણ્યમાં સંપૂર્ણ સાત્વિકતા પ્રસરી ગઈ અને ત્યાં રહેનારા પ્રાણી આપણ સ્વભાવિક વૈરભાવ ત્યાગીને પરસ્પરનો પ્રેમ અને કરુણા કરવા લાગ્યા અને આમ આ તપશ્ચર્યામાં અદિતિનાં ''સો'' વર્ષ પૂર્ણ થઈ ગયા અનેભગવાન ગણેશ પ્રસન્ન થઈને વરદાન આપે છે.

अहं ते पुत्रतां यास्य पास्ये साधूधधूश्र्च क़ण्टक़ान्
हनिश्ये सफ़लां वाग्छा पूरयिष्ये तवापि च ॥ (ગ .પુ. ૨/૫/૪૩)

રાક્ષસોનો ત્રાસ ભૂમિ ઉપર વધી જતાં ધરતી માતા પિતામહ બ્રહ્મા પાસે જાય છે.આ દુષ્ટોનો વિનાશ કરો નહીં તો હું વન,પર્વત અને સર્વપ્રાણીઓ સહિત રસાતલમાં જતી રહીશ. પૃથ્વી સહિત દેવતાઓ, ઋષિમુનિઓ આર્તકંઠે વિનાયકની સ્તુતિ કરવા લાગ્યા. હે વિશ્વંભર ! હવે આઆ મહાદૈત્યનો વિનાશ કરો.

આમ પ્રાર્થના કરતા દેવોએ એ સમયે મેઘગંભીર આકાશવાણી સાંભળી,

कश्यपस्य गृहे देवोडवतरिष्यति साम्प्रतम ।
करिष्यत्यदभूतं कर्म पदानि व: प्रदास्यति

दुष्टानां निधनं चेव साधूनां पालनं तथा ।        (ગ.પુ. ૨-૬/૧૭।૧-૨)

કેટલાંક સમય પછી મહર્ષિ કશ્યપના પત્ની અદિતીએ ગર્ભધારણ કયા.આમ નવ માસ પૂરા થતાં શુભ મૂહર્તમાં મંગલમય સમયે અદિતિ સમક્ષઅદ્ભુત અલૌકિક પરમ તત્વ પ્રગટ થયું.તે પરમ બ્રહ્મ પુત્ર રૂપે જન્મ ધારણ કર્યો એ મારું પરમ સૌભાગ્ય છે. આ અદ્ભુત, અલૌકીક અને દિવ્યસ્વરૂપ નો ઉપસંહાર કરી સામાન્ય શિશુનું પ્રાકૃત સ્વરૂપ ધરી મને ક્રિડા કરતાં કરતાં પુત્ર સુખ આપો એવી વિનંતી કરી.

इदं रूपं परं दिव्यमुपसंहर सांप्रतम

पाकृतं रुपमास्थाय क्रीडस्व कुहको यथा  (ગ.પુ.૨/૬/૩૫)

મહર્ષિ કશ્યપની પત્નીના ખોળામાં બાળક અવતર્યો છે.એ જાણી ઋષિ–મુનિ દેવતાઓ વગેરેમાં આનંદ પ્રસર્યો. આ બાળક અદ્ભુત અને તેજસ્વી તે મજ અત્યંત બલવાન હતો.એના શરીરની માંસપેશીઓ સુધ્રઢ અને સુદ્રઢ હતી અને એનું મુખ અત્યત દિપ્તીમંત અને પ્રભાવશાળી હતું.મહર્ષિ કશ્યપે એ બાળકના સ્વરૂપને લક્ષમાં રાખીને એનુ "મહોત્કટ" એવું નામ પાડયું. પછી આ મહોત્કટ બાળકે અનેક રાક્ષસોનો વધ કર્યો, ચિત્રરથનો ઉધ્ધાર કર્યો માતાને વિશ્વરૂપનું દર્શન કરાવ્યું. કાશીનગરમાં કાશીરાજાના પુત્રના વિવાહ પ્રસંગે હાજરી આપે છે ત્યાં અનેક વિઘ્ન નાંખનારા રાક્ષસોનો વધ કરે છે.ત્યારબાદ શુકલ અને વિશ્રુમાં વિપ્રદંપતીને પ્રસન્ન થાય છે. સનક–સાક્ષાત્કાર વિનાયકનો સાક્ષાત્કાર થાય છે. અહીં ગજાનનને દિવોદાસ રાજ ાનીભકિતથી પ્રસન્ન થઈને બ્રહ્મદેવે તેને કાશીનું રાજય આપ્યું. તે રાજા ધર્મકાર્યોમાં પ્રવૃત રહેતો તેથી તેના રાજયમાં સુખ અને શાતિ હંમેશા ર હેતીભગવાન શિવને ફરીથી કાશીમાં રહેવાની ઈચ્છા થઈ પરંતુ કાશીનું રાજય દિવોદાસ કરે છે. પરાણે પડાવી લેવાય નહીં. કારણ કે શિવ મંદરગિ ર પરમરીચિ ઋષિ દશ હજાર વર્ષથી સતત તપશ્ચર્યા કરી રહયા છે. તેથી દેવોના કહેવાથી તેમને વરદાન આપવા ત્યાં જાય છે. હવે શિવને કાશીમાં આવવામાટે રાજા દિવોદાસના પાપકર્મની રાહ જોવી પડે છે. પણ દેવો, ભૈરવ, યોગિણીઓ પણ કાશીમાં સ્થિર થઈ ગઈ. એટલે શિવ ગજાનનની સ્મૃ તિ કરીગજાનન જયોતિષી બની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી રાજાને ભરમાવ છ. રાજા દિવોદાસ પાસે શપથ લેવડાવે છે. પછી બુધ્ધરૂપી વિષ્ણું વેદશાસ્ત્રના વિરુધ્ધમાર્ગનો ઉપદેશ આપે છે. મૂર્તિપૂજા, દેવો પ્રત્યે શ્રધ્ધા વગેરે ઓછી થવા લાગે છે. લક્ષ્મીજી પણ ભિક્ષુણીનું રૂપ ધારણ કરાને વેદ ધર્મ વિરુધ ઉપદેશસ્ત્રીઓને આપે છે. થોડાક સમય પછી બુધ્ધીરૂપી વિષ્ણું દિવોદાસના રાજભવનમાં ગયો અને કહયું – તારી પ્રજા નિર્ગુણની ઉપાસકથઈ ગઈ છે. એટલેતુ એમાંથી વિદાય થાય એમાં જ તારુ હિત છે. પછી દિવોદાસ તપશ્ચર્યા કરવા જાય છે અને શીવ ગણો સહિત કાશીમાં પ્રવેશ કરે છે. તે સમયે શિવતેમને "ઢુંઢિરાજ" તરીકે સંબેધ્યા હતા.

## लिंगमहापुराण :-

લિંગ મહાપુરાણમાં પણ ભગવાન શિવ–પાર્વતીના વિવાહ અને પુત્ર ઉત્પતિની કથા આવે છે. એકવાર બ્રહ્માજી શિવજીને પ્રણામ કરીને નમ્રવિનંતી ક રે છે કે હે પ્રભુ તમે ઉમા સાથે લગ્ન કરો.શિવ તેનો સ્વીકાર કરે છે.તે વખતે વિવાહમાં ઋષિઓ, ગંધર્વો, દેવો, ગરુડ, નાગ તેમજ દેવલોકનનદીઓ સ ત્રીરૂપ લઈને લગ્ન ઉત્સવમાં આવે છે.બ્રહ્માજીના વચન સાંભળીને પાસે રહેલા ગિરિજાને લઈને આવે છે. પાર્વતીને પ્રણામ કર્યા, બંને હાથથીમહાદેવ ના પગ ધોયા, ચરણોદક મસ્તક પર તથા બ્રહ્મા અને હિમાલયના મસ્તક પર છાંટયું. હાથમાં જળ લઈને મેનાની આ પુત્રી મારાં નાનાં બહેન આપને પત્ની રૂપે આપું છું. આમ સંકલ્પના જળ ઉમાસહિત શંકરને આપ્યા. વિવાહ સંપન્ન થયા બાદ દેવો અને ઋષિઓએ તેમનું પૂજન કર્યું અ નપોતાની દિવ્યનગરી વારણસીમાં આવ્યા. પાર્વતીને વારણસીનું મહત્વ સમજાવે છે.અહીં મૃત્યુ પામનારનો પુનર્જન્મ થતો નથી.અહીં કરેલું પાપ તો નર્કઅપાવે છે.હજારો પાપ કરવાથી પિશાચપણું સારું છે. પરંતુ કાશીપુરી વિના સ્વર્ગમાં હજારો ઈન્દ્રનો વૈભવ મળે તે ઈષ્ટ નથી. કાશીમાં રહેલા ભગ વાનશંકર પાસે બૃહસ્પતિ સાથે રહેલા દેવો આવે છે અને તેમને પ્રણામ કરે છે

यदा स्थिताः सुरेश्र्वराः प्रणम्य चैवमीश्र्वरम् ।

तदाम्बिकापतिर्भवः पिनाकधृङ महेश्वर॥      (લિ.પુ.૧૦૫/૧)

દેવગુરુ બૃહસ્પતિની પ્રાર્થના સાંભળી પિનાકપાણી ઉમાના ગર્ભમાં દેવોના સ્વામી ગણપતિનું શરીર સ્થાપિત કર્યું. દેવોએ મહેશ્વરની સ્તુતિ કરીપછી અંબિકાએ ત્રિશૂળ અને પાશને ધારણ કરેલા હાથીના જેવા મુખવાળા ગજાનન સ્વરૂપ મંગળમૂર્તિને જન્મ આપ્યો. ગજાનનનું શિવ માથું રુઘ્યું અનેઆ શીર્વાદ આપ્યા, હે પુત્ર તારો અવતાર દૈત્યોના નાશ , બ્રહ્મવાદી દ્વિજ તથા દેવોનો ઉપકાર કરવા થયો છે.જે સ્ત્રી પુરુષ પોતાનો ધર્મ તથા વર્ણનોત્ય ાગ કરે તેમના પ્રાણોનું હરણ કરજે અને પૂજનકરે તો વૈભવ અને કલ્યાણ કરજે. તારુ પૂજન કરશે તેમના કાર્ય સિધ્ધ થશે. ગંધ, પુષ્પ, ધૂપ આદિથતા રુ પૂજન નહી કરનારા દેવોને પણ ત્રણેય લોકમાં કંઈ પ્રાપ્ત નહીં થાય.

જે મનુષ્ય ગણપતિના વૃતાંતનું શ્રવણ કે પાઠ કરશે અન્ય કોઈને સંભળાવશે તેનું કલ્યાણ થશે અને તે સુખી થશે.

एतव्द्ः कथितं सर्वे स्कन्दाग्रज समुद्भवम ।

या पठेच्छृणुयाद्वापि श्रावयेद्वा सुखी भवेत ॥ (લિ.પુ.અ ૧૦૫/૩૦)

**શિવપુરાણ :–**

શિવપુરાણની કથા મુજબ જયા–વિજયા નામની સખીઓએ પાર્વતીને વિશ્વાસપાત્ર ગણ રાખવાની સલાહ આપી. એક સમયે પાર્વતી સ્નાનકરતા હ તા ત્યારે સદાશિવ નંદીને ડરાવીને અંદર આવી ગયા અને પાર્વતી સ્નાન કરતા કરતા ઉભા થયા અને લજજા અનુભવી. આથી પાર્વતીએપોતાની આજ્ઞાનું પાલન કરે તેવા પુરુષનું પોતાના શરીરના મેલથી ચેતન પુરુષનું નિર્માણ કયું.તેના બધાંજ અંગો શુભલક્ષણોવાળા, તેનું શરીર વિશાળપરમ શોભાયમાન અને મહાન બળ–પરાક્રમથી યુકત પાર્વતીએ ઉત્તમ પ્રકારનાં વસ્ત્ર વિવિધ પ્રકારના આભૂષણોથી ખૂબજ આશીર્વાદ આપ્યા.તમેમને અતિપ્રિય છો. તમે મારા પુત્ર છો.તમે આજથી મારા દ્વારપાળ છો. મારી અનુમતિ વિના પ્રવેશ ન કરે તેનું ધ્યાન રાખવાનું છ.એકવાર શિવ આવ્યાછ ડી લઈને ઉભેલા ગણેશે તેમને પ્રવેશ કરતાં રોકયા અને ગણોને પણ ફટકાર્યા. ગણોએ કહયું આ શ્રી ગિરીજાના પુત્ર છે અને દ્વારપાળ રૂપે છ શૂલપાણિએ ક્રોધમાં આવીને ત્રિશૂળથી મસ્તક કાપી નાંખ્યું. પાર્વતીને ખબર પડતાં ક્રોધાયમાન થઈ ગયા. શકિતઓને ઉત્પન્ન કરી પ્રલય કરવાન ીઆજ્ઞા આપી ચારે બાજુ હાહાકાર થવા લાગ્યો.એવામાં નારદમુનિ અને બધા દેવતાઓ તેમજ શિવ મળીને પાર્વતીને વિનવવા લાગ્યા. ત્યારે પાર્વતી એ ઋષિઓને કહયું– મારો પુત્ર જીવીત થાય, તમારા સર્વમાં પૂજનીય થાય, સર્વાધ્યક્ષનું પદ આપો તો જ સંહાર અટકશે.

દેવતાઓનું કથન સાંભળી શિવજીએ કહયું તમે ઉત્તર દિશામાંથી જે મળે તેનું મુખ બાળકના શરીર પર લગાવો. દેવતાઓ પ્રથમ પ્રાપ્ત હાથીનું મસ્તક ઘાયલ શરીર પર લગાવવામાં આવે છે. બધા દેવતાઓએ મળીને વેદમંત્ર દ્વારા મળને અભિમંત્રિત કરી શિવ સ્મરણ કરી છાંટયું.બાળક ચેતના–યુકત થઈ જીવીત થયો,પાર્વતી પ્રસન્ન થયાં, હૃદય સરખો ચાંપ્યો અને અનેક દિવ્ય વસ્ત્રો આપ્યા.શિવે ગણેશને વરદાન આપ્યું– કે ગણેશ્વર ભાદરવમાસ ની કૃષ્ણચતુર્થીએ સિંધુર–ચંદન, ચોખા, કેતકીપુષ્પ, દૂર્વા વગેરેથી તારી પૂજા કરશે તેની મનોકામના પૂરી થશે.

સ્વામી કાર્તિક અને ગણેશ વચ્ચે વિવાહ બાબતે વિવાદ થાય છે. તેના સમાધાન સ્વરૂપે જે જગતની પ્રદક્ષિણા કરીને વહેલા આવશે તેના પ્રથમલગ્ન થ શે.મહાબલિ કાર્તિક પરિક્રમા ચાલી નીકળ્યા.ગણેશે બુધ્ધિનો આશ્રય લઈ માતા–પિતાની પૂજા અર્ચના કરી પરિક્રમા કરી અને કહયું પુત્રને માટેમાતાપિ

પતાના ચરણ–સરોજ જ મહાન તીર્થ છે. શિવ–પાર્વતી પ્રસન્ન થાય છે. ગણેશના વિવાહનો વિચાર કરવા લાગ્યાં એ સમયે પ્રજાપતિએ પોતાની દિવ્યરૂપ સંપન્ન અને સર્વાંગ શોભના સિદ્ધિ અને બુદ્ધિ નામની કન્યાઓ સાથે વિવાહ સંસ્કાર સંપન્ન કર્યા.

## ब्रह्मवैवर्तपुराण :-

આ પુરાણમાં પુણ્યકવ્રત દ્વારા પુત્રની પ્રાપ્તિ થાય છે અને શિવજીએ પુણ્યકવ્રત વિશે માહિતી આપે છે.માઘ સુદ તેરસના દિવસથી એકવર્ષસુધી કર વામાં આવે છે અને ઈચ્છિત સિદ્ધિની પ્રાપ્તિ કરાવે છે.આ વ્રતથી અનેક ઋષિઓ–દેવોએ–ગંધર્વોએ–યક્ષોએ–મનુષ્યોએ પુત્રની પ્રાપ્તિ કરે છે. પાર્વતી પૂણ્યકવ્રતની શરૂઆત કરે છે. તેના આચાર્ય તરીકે સનત્કુમારને બનાવવામાં આવે છે. વ્રતને અંતે દક્ષિણામાં શિવની માંગણી કરવામાંઆવે. પાર્વતીને આકાશમાંથી આવેલા દિવ્યપાત્રે શિવને દક્ષિણામાં આપવાનું કહે છે. પાંચ લાખ ગાયો આપીને શીવને પાછા મેળવવા પ્રયત્ન કરે છે સનત્કુમાર છતાં પણ માનવા તૈયાર થતાં નથી. પાર્વતી પરબ્રહ્મ(શ્રીકૃષ્ણ)નું સ્તવન કરે છે એવામાં પરબ્રહ્મ પ્રગટ થાય છે.

पार्वत्या स्तवनं श्रुत्वा श्रीकृष्ण: करुणानिधि: ।
स्वरुपं दर्शयामास सर्वादश्यं सदुर्लभम् ।। (બ્ર.વ.પુ.૮/૧ ગણપતિખંડ)

દેવોના સમજાવવાથી સનત્કુમારને શિવ પાર્વતીને પાછા સોંપે છે. શિવ–પાર્વતી રમણ કરતા હતા ત્યારે એક જટાધારી બ્રાહ્મણ આવે છે,ભોજન માં ગે છે અને પાર્વતીને જગતની માતા ગણાવે છે. તમે સ્વયં વ્રત તપનું ફળ આપનારા નિત્યરૂપા સનાતની છો. પરબ્રહ્મ (શ્રીકૃષ્ણ) ગણેશરૂપે શિવના વ ીર્યમાં મિશ્રિત થઈને શયનમાં આવી જાય છે. કરોડચંદ્ર ચંપા, શરદને નિંદિત કરે તેવુ મુખ, સદર નાસિકા, હાથ પણ ઉછાળ્યા કરતો હતો.

त्रैलोक्ये वै निरुपमं सर्वाङ्ग बिभ्रदुत्तमम् ।
शयान: शयने रम्ये प्रेरयन्हस्तपादकम ।।(બ્ર.વ.પુ.ગણપતિખંડ૮/૮૯)

જટાધારી બ્રાહ્મણ અદ્રશ્ય થાય છે.તેની શોધ ચાલે છે, તેવામાં આકાશવાણી થાય છે.તમે તમારા ઘરની અંદર રહેલા પુત્રને જુઓ. તે ગોલોકનાનાથ જ છે. પુણ્યકવ્રતથી પ્રાપ્ત થયો છે. બમો ઉચ્ચારણથી ધાવણની ઈચ્છા કરતો હતો.

क्रोडे चकार भगवान्बालकं हृष्टमानस: ।
चुचुम्ब गण्डे वेदोक्तं युयुजे चाडडशिवं मुदो ।। (બ્ર.વે.પુ.ગણપતિખંડ૮/૯)

ભગવાન ગણેશના 'ગજમુખ' સંદર્ભમાં એક કથા બ્રહ્મવૈવર્ત પુરાણના ગણપતિ ખંડમાં આવે છે. તે મુજબ બધા દેવો શિવની સભામાં બેઠા હતા એવા માં સૂર્યપુત્ર શનિ આવે છે. તે ત્રાસુ જુએ છે. મુખ અને નેત્રો નીચે રાખે છે. દરેક જીવ પોતાના કર્મનું ફળ ભોગવે છે હરકોઈનું શુભ કે અશુભ કર્મકલ્પ ો વીતી જાય પણ ભોગવ્યા વિના નાશ પામતું નથી. પોતે પાર્વતીને ઈતિહાસ વર્ણવે છે. મારા પિતાએ મને ચિત્રરથ ગંધર્વને કન્યા પત્ની રૂપઅપ ાવી હતી. તે મારી સ્ત્રી અત્યંત તેજસ્વની હતી. તે ઋતુકાળમાં હોવા છતાં તેની સામે ન જોયું. તેથી તેણે શાપ આપ્યો. તમે જે વસ્તુ સામે જોશો તેવસ્ તુ નાશ પામશે. પાર્વતીના કહેવાથી ગણેશજી તરફ દ્રષ્ટિ કરે છે. ગણેશજીનું મસ્તક છેદાયું. ગોલોકમાં મુખ ચાલ્યુ ગયુ. દેવતાઓ પૂતળીઆ જેવાબ ન્યા. વિષ્ણું ઉત્તર દિશામાં પુષ્પભદ્રા નદી પર ગયા. મૈથુનથી થાકેલા હાથીનું મસ્તક ગરૂડ પર મૂકીને લઈ આવ્યા. બાળકને હાથમાંથી લઈ પોતાની

**છાતી પર લાવી હાથીનું મુખ બાળકના ધડ સાથે જોડી દીધું. હુંકારના ઉચ્ચારણપૂર્વક બાળકને સજીવન કર્યો. પાર્વતીજીને મૂર્છામાંથી જાગત કર્યા પાર્વતીએ બાળકને સ્તનપાન કરાવ્યું.વિષ્ણુએ કોસ્તુભમણિ, બ્રહ્માએ મુગટ તેમજ બીજા દેવતાઓ દાન આપ્યા.પાર્વતીએ અમુક અંગથી રહિત જ થાય એવો શાપ આપ્યો.બધાની વિનંતીથી તેને વિષ્ણુપ્રિય તેમજ તેની દ્રઢ ભકિત મળો અને હવેથી તમે પગથી લંગડા થશોજ,શની પ્રણામ કરી બધા દેવો નીસમીપ ગયો.આમ જુદા જુદા પુરાણોમાં ગણેશ વિશે વિવિધ કથાઓનો ઉલ્લેખ મળે છે.**

<u>સંદર્ભ ગ્રંથ સૂચિ</u>


- શ્રીમદ ભાગવત
  સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય ,ઠે.ભદ્ર ની પાસે,અમદાવાદ પ્રિંન્સેસ સ્ટ્રીટ-મુંબઇ-૨
- લિંગ મહાપુરાણ
  સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય ,ઠે.ભદ્ર ની પાસે અમદાવાદ પ્રિંન્સેસ સ્ટ્રીટ-મુંબઇ-૨
- સ્કન્દ મહાપુરાણ
  સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય ,ઠે.ભદ્ર ની પાસે અમદાવાદ પ્રિંન્સેસ સ્ટ્રીટ-મુંબઇ-૨
- વામન પુરાણ
  સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય,ઠે.ભદ્ર ની પાસે અમદાવાદ પ્રિંન્સેસ સ્ટ્રીટ-મુંબઇ-૨
- બ્રમ્હવૈવર્ત મહાપુરાણ
  સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, ઠે.ભદ્ર ની પાસે અમદાવાદ પ્રિંન્સેસ સ્ટ્રીટ-મુંબઇ-૨
- વિષ્ણુ મહાપુરાણ
  સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય , ઠે.ભદ્ર ની પાસે અમદાવાદ પ્રિંન્સેસ સ્ટ્રીટ-મુંબઇ-૨
- શ્રી માર્કન્ડેય પુરાણ
  સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય , ઠે.ભદ્ર ની પાસે અમદાવાદ પ્રિંન્સેસ સ્ટ્રીટ-મુંબઇ-૨
- શ્રીમદ દેવી ભાગવત
  સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય ,ઠે.ભદ્ર ની પાસે અમદાવાદ પ્રિંન્સેસ સ્ટ્રીટ-મુંબઇ-૨
- ગણેશ પુરાણ
  સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય ,ઠે.ભદ્ર ની પાસે અમદાવાદ પ્રિંન્સેસ સ્ટ્રીટ-મુંબઇ-૨
- શિવ મહિમ્ન સ્તોત્રમ
  સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના,અમદાવાદ-૩૮૦૦૦૧
- ભાગવત મહાપુરાણ (દશમ સ્કંધ)
  સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના,અમદાવાદ-૩૮૦૦૦૧
- સંસાર રામાયણ
  ગુર્જર પ્રકાશન , રતનપોળ નાકા સામે , ગાંધી માર્ગ , અમદાવાદ-૩૮૦૦૦૧
- મહાભારત , ગીતા પ્રેસ , ગોરખપુર